| | |
|---|---|
| सत्यमेव जयते<br>દાખલ તારીખ | ૧૨/૦૫/૨૦૨૬ |
| રજુ તારીખ | ૧૨/૦૫/૨૦૨૬ |
| ફેસલ તારીખ | ૧૬/૦૭ /૨૦૨૬ |

**વાલોડના જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ(શ્રી) સાહેબની કોર્ટ સમક્ષ**

**ક્રિમીનલ કેસ નં.૮૪૪/૨૦૨૬**
**આંક-૧૦**

**ફરીયાદી::-** શ્રી સરકાર

વિરૂધ્ધ

**આરોપી::-** ઠાકોરભાઈ બીસાભાઈ ગામીત,
રહે.રાનવેરી ગામ, નહેર ફળિયું,
તા.વાલોડ, જિ.તાપી

**એડવોકેટ::-** ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી. શ્રી પી.એલ.ગાંગુર્ડે
આરોપી તરફે વિ.વ.શ્રી એમ. એન. ચૌધરી

**ગુનોઃ- ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ-૬૫એએ મુજબ**

**-:: જજમેન્ટ ::-**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ગઈ તા.૧૭/૦૨/૨૦૨૬ ના કલાક ૧૮/૩૦ વાગ્યાના સુમારે મોજે રાનવેરી ગામ નહેર ફળિયામાં પોતાના કબજાના ઘરના પજારીના ભાગે ગેરકાયદેસર અને વગર પાસ પરમીટે પ્લાસ્ટીકના કેનમાં આશરે ૦૫ લીટર જેટલો દેશીદારૂ કિં. રૂા.૧૦૦૦/-નો પ્રોહી. મુદ્દામાલ રાખી રેઈડ દરમ્યાન પકડાઈ જઇ ઘી પ્રોહીબીશન એકટની કલમ-૬૫એએ મુજબનો ગુનો કરેલ, ત.ક.અમલદાર દ્વારા ગુન્હાની તપાસ કરતા, જરૂરી

પંચનામા કરી, લાગતા વળગતા સાહેદોના નિવેદન નોંધી આરોપી સામે પુરતો પુરાવો મળતા અત્રેની કોર્ટમાં ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે.

(૨) આ કામના આરોપીઓ વિરૂધ્ધના ગુના સબબ તહોમતનામુ ફરમાવવામાં આવેલ છે જે અન્વયે આરોપીની ગુના અંગેની પ્લી રેકર્ડ કરતા આરોપીએ ગુનાનો ઈન્કાર કરી કેસ કાર્યવાહી આગળ ચલાવવાની માંગણી કરતા તેમની સામેના કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા જણાવેલ છે.

(૩) આ કામે ફરીયાદ પક્ષ તરફે આ કામના આરોપીની સામેનું તહોમત પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલા છે.

**–:: મૌખિક પુરાવા ::–**

| ક્રમ | વિગત. | આંક |
|---|---|---|
| ૧ | તરૂણભાઈ રણેશભાઈનાઓની જુબાની | ૦૬ |
| ૨ | વિજયભાઈ બાબુભાઈનાઓની જુબાની | ૦૮ |

**–:: દસ્તાવેજી પુરાવા ::–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચનામું | ૦૭ |
| ૨ | ફરીયાદ | ૦૯ |

સદર કામે બનાવવાળી જગ્યાના પંચનામાને તથા ફરિયાદને આંકે પાડેલ હોય, તે પુરતું આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે તેઓ ઉપર ખોટો કેસ કરેલ છે અને તેઓ નિર્દોષ હોય છોડી મુકવાનું જણાવેલ છે.

(૪) આ કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

**<u>–:: મુદ્દાઓ ::–</u>**

(૧) શું ફરીયાદ પક્ષ એ હકીકત નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ગઈ તા.૧૭/૦૨/૨૦૨૬ ના કલાક ૧૮/૩૦ વાગ્યાના સુમારે મોજે રાનવેરી ગામ નહેર ફળિયામાં પોતાના કબજાના ઘરના પજારીના ભાગે ગેરકાયદેસર અને વગર પાસ પરમીટે પ્લાસ્ટીકના કેનમાં આશરે ૦૫ લીટર જેટલો દેશીદારૂ કિં. રૂા.૧૦૦૦/–નો પ્રોહી. મુદ્દામાલ રાખી રેઈડ દરમ્યાન પકડાઈ જઈ ધી પ્રોહીબીશન એકટની કલમ–૬૫એએ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ?

(૫) ઉપરોકત મુદ્દાઓ પરત્વેના નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**-:: કારણો ::-**

**પુરાવાનુ મુલ્યાંકન ::-**

(૬) ફરીયાદપક્ષે મૌખિક પુરાવો ધ્યાને લઈએ તો સદર કામે આંક-૦૭ થી રજુ પંચનામાના ઉપરોકત જણાવેલ પંચસાહેદોનાઓએ તેઓની સોગંદ ઉપરની જુબાનીમાં મુખ્યત્વે જણાવેલ છે કે, પોલીસે એક તૈયાર પંચનામામાં તેઓએ સહી કરેલી, સદર સહી કર્યા સિવાય તે લખાણની વિગતો અંગે તેઓ કાંઈ જાણતા નથી, પોલીસે તેઓની રૂબરૂ કોઈ મુદ્દામાલ કબ્જે કરેલ નથી, તેઓને આ કામે રજુ થયેલ પંચનામું બતાવવામાં આવેલ જેમાં પંચ તરીકે તેઓની સહીઓ ઓળખી બતાવેલ છે. જ્યારે સદર પંચસાહેદો બનાવની હકીકતને સમર્થન કરતા ન હોય વિ. એ.પી.પી.શ્રી તરફે સદર પંચસાહેદોને ફરી ગયેલ જાહેર કરી ઉલટતપાસ કરવામાં આવતા પંચસાહેદો સૂચક પ્રશ્નોના જવાબ નકારમાં આપેલ અને ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી જુબાની આપેલ નથી. સદર સાહેદોની આરોપીપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ તરફે વાતને સ્વીકારેલ છે કે, પોલીસે તેઓની ફકત તૈયાર પંચનામામાં સહી લીધેલ, સહિ કર્યા સિવાય પંચનામાની હકિકત વિષે તેઓ કાંઈ જાણતાં નથી.

(૭) વધુમાં સદર કામે આરોપી પક્ષે ફરીયાદની નકલ આંકે પાડવા સારૂ વાંધો ન હોવાનો શેરો કરેલ હોય ફરીયાદની નકલ તે રજુ દા. આંક -૦૯ આપવામાં આવેલ છે.

(૮) આમ, જયારે સદર બંને પંચસાહેદો ફરિયાદ પક્ષ દ્વારા વિમુખ થયેલા જાહેર કરેલ હોય ત્યારે નામદાર બોમ્બે હાઇકોર્ટ દ્વારા નિર્ણિત સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિ. ઓમકાર માનીક પાટીલ ક્રિ.લો.રીપોર્ટર (એમ.એચ.) ૧૯૭૯, પાના નં. ૪૨૧ નો ચુકાદો ધ્યાને લેતા જો સદર કામે હવે પછી અન્ય પોલીસ સાહેદો તપાસવામાં આવે તો પણ આરોપીને ગુન્હા સાથે સંકળાતો કોઈ જ પુરાવો રેકર્ડ ઉપર આવવાનો સંભવ નથી. વધુમાં આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા હોય તેવુ જણાતુ નથી.

(૯) આમ, જયારે ફરીયાદ પક્ષનો કેસ આરોપીના કબજામાંથી વગર પાસ પરમીટનો અને ગેરકાયદેસર રીતે પ્રોહી. મુદામાલ મળી આવ્યાનો આક્ષેપ હોય પણ રીકવરી પંચનામાના પંચો પોતાની રૂબરૂ પંચનામુ થયેલ હોવાની હકિકતને ઈન્કાર કરતા હોય ફરીયાદ પક્ષ આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં

નિષ્ફળ ગયેલ હોય જેથી મુદ્દા નં. ૧ નો નિર્ણય નકારમાં આપી મુદ્દા નં. ૨ અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

૧. આ કામના આરોપી ઠાકોરભાઈ બીસાભાઈ ગામીત, રહે.રાનવેરી ગામ, નહેર ફળિયું, તા.વાલોડ, જી.તાપીનાઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૨૭૧(૧) અન્વયે ધી ગુજરાત પ્રોહી. એકટની કલમ–૬૫એએ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાના આરોપમાંથી પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામે મુદ્દામાલ પાવતી નંબર ૮૫/૨૦૨૬ થી કબજે કરવામાં આવેલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમાનુસાર નિકાલ કરવો. મુદ્દામાલ તરીકે વાસણો તથા નાણાં હોય તો તે સરકાર જમાં લેવા તથા મુદ્દામાલના વાહન હોય તો કામ ચાલતાં દરમ્યાન જો કોઈ હુકમ થયેલ હોય તો તે યથાવત રાખવામાં આવે છે, અને જો આવો હુકમ ન થયેલ હોય તો તે અંગે યોગ્ય તપાસ કરી કાયદાકીય રીતે નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીના જામીનખત અપીલ સમય સુધી કાયમી કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૧૬ , માહે જુલાઈ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : વાલોડ
તારીખ: ૧૬/૦૭/૨૦૨૬

(બી.એસ.પરમાર)
જજ કોડ નં. જી.જે. 01736
જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ વાલોડ,